# ઉદ્યોગ ક્ષેત્રની સાથે બાંધકામ ક્ષેત્ર કદમથી કદમ મિલાવીને રાષ્ટ્રનિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે : ભૂપેન્દ્રભાઈ પટેલ

## અમદાવાદ શહેરમાં આયોજીત NAREDCO કોક્લેવ-૨૦૨૧ માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૨માં યોજાનારી ''વાઈબ્રન્ટ સમિટ''માં મહત્તમ એમ.ઓ.યુ થાય તેવી લાગણી અમદાવાદ શહેરમાં આયોજિત NAREDCO (Nationl Real Estate Development council) કોક્લેવ-૨૦૨૧ ના ઉદબોધનમાં વ્યક્ત કરી હતી.

દ્રછઈઈઢર્ઝ કોક્લેવ-૨૦૨૧ માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના બાંધકામક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગસાહસિકોને આર્થિક ઉપાર્જનની સાથે જનકલ્યાણના પણ કાર્યો કરવાની નેમ વ્યક્ત કરી હતી.

દેશમાં કૃષિક્ષેત્ર પછી ઉધોગ અને બાંધકામ ક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર હોવાનું જણાવી રાજ્યમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર અને સાહસિક પ્રવૃત્તિઓને વેગ આપવા ગુજરાત સરકારે અનેકવિધ પગલાં હાથ ધર્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતુ. જેના



પરિણામ સ્વરૂપ જ છેલ્લા પાંચ વર્ષથી રાજ્યમાં બેરોજગારી દર ખૂબ જ નીચો રહ્યો હોવાનું તેમણે કહ્યું હતુ. મુખ્યમંત્રીએ જણાવ્યું કે દેશના વિકાસમાં ઉદ્યોગ ક્ષેત્રની સાથોસાથ બાંધકામ ક્ષેત્ર પણ કદમથી કદમ મિલાવીને રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

આ પ્રસંગે તેમણે પ્રજાના મૂંઝવતા પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂ કરીને તેના સત્વરે નિકાલ કરવા આ કોક્લેવ એક મહત્વનું માધ્યમ સાબિત થઈ શકે છે તેમ જણાવ્યું હતું.

સરકારની નીતી નિયમો મુજબ કાર્ય કરે છે પ્રજાને મૂંઝવતા પ્રશ્નો અને મુશ્કેલીઓના ઝડપી નિરાકરણ માટે નીતિ નિયમ બદલાવ કરવાની જવાબદારી સરકારની છે જે દિશામાં અમારી સરકાર પ્રયત્નશીલ છે તેમ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ. ગુજરાતમાં રેરાનો કાયદો આવ્યા બાદ બાંધકામ ક્ષેત્રમાં પારદર્શિતા વધી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દેશના જરૂરિયાતમંદ નાગરિકોને ઘરનું ઘર આપવાના સ્વપ્નને રાજ્યનું બાંધકામ ક્ષેત્ર શ્રેષ્ઠપણે ચરિતાર્થ કરી રહ્યું છે.

આ કોક્લેવમાં મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રજા દ્વારા ઉઘરાવવામાં આવતુ મહેસુલ રાજ્યને સમૃદ્ધ બનાવવા અતિ મહત્વનું હોવાનું જણાવ્યું હતું. રાજ્યનો સર્વાંગી વિકાસ કરવા માટે ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર દરેક વ્યવસાય દરેક ક્ષેત્રને પ્રોત્સાહન આપી રહી હોવાનું તેઓએ ઉમેર્યુ હતુ.



સેકટર-૭ વસાહણવટી સ્કુલની બાજુમાં ગટર છેલ્લા ઘણા સમયથી ઉભરાય છે. ગટરનું ગંદુ પાણી મુખ્ય રસ્તા પર વહે છે જેના કારણે ચારે બાજુ અસહ્ય દુર્ગંધ આવે છે. અહીંથી પસાર થતા વાહનચાલકોને નાક પર રૂમાલ દબાવીને પસાર થવું પડે છે.

## પોલીસે જીવના જોખમે શંકાસ્પદ સ્વીફ્ટ કારનો પીછો કર્યો

# મોડાસા ગ્રામ્ય પોલીસે ફિલ્મીઢબે કારનો પીછો કરતા પુલ પર લટકી જતા જાનહાની ટળી

અમદાવાદ, તા. ૨૧

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પ્રોહીબીશનની શખ્ત અમલવારી માટે સતત દોડાદોડી કરી રહી છે મોડાસા ગ્રામ્ય પોલીસે મદાપૂર નજીક વાહનોનું ચેકીંગ હાથધરાતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સ્વીફ્ટ કારને અટકાવી તલાસી લે તે પહેલા કાર ચાલક પોલીસને ચકમો આપી ફૂલ સ્પીડે કાર હંકારી મુકતા પોલીસે જીપમાં કારનો પીછો કરતા પોલીસજીપ રખીયાલ નજીક કાદવ કીચડમાં ફસાઈ રેલાઈ મેશ્વો નદીના પુલ પર લાગેલી રેલિંગ સાથે ભટકતા અકસ્માત સર્જાયો હતો સદનસીબે પોલીસજીપ પુલ પર લટકી જતા જાનહાની ટળી હતી મોડાસા રૂરલ



પોલીસે સ્વીફ્ટ કારના ચાલક સહીત બે શખ્સો સામે ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બુટલેગરો હવે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગનો ઉપયોગ કરી રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે પોલીસતંત્ર જીલ્લાના મુખ્યમાર્ગ અને અંતરિયાળ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ કરી વિદેશી દારૂ ઘુસાડવાના કીમિયાને નિષ્ફળ બનાવી રહી છે.

મોડાસા રૂરલ પોલીસે મદાપૂર-કેશાપુર રોડ પર પોલીસજીપ સાથે પ્રોહિબિશન કામગીરી હેઠળ વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સફેદ કલરની સ્વીફ્ટ કારને ચેક કરવા જતા સ્વીફ્ટ કારના ચાલકે કાર રખીયાલ વાળા રોડ પર હંકારી મુકતા પોલીસે જીપમાં પીછો કરતા અંતરિયાળ વિસ્તારમાં સ્વીફ્ટ કાર અને પોલીસજીપ વચ્ચે સર્જાયેલ ફિલ્મી દ્રશ્યોથી ગ્રામ્ય વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો રખિયાલ ગામ નજીક સ્વીફ્ટ કારનો ચાલક કાદવ-કીચડ માંથી નીકળી ગયો હતો પીછો કરતી પોલીસજીપ કાદવ કીચડમાં ફસાતા રેલાઈ જતા મેશ્વો નદીના પુલ પર બનાવેલ રેલિંગ સાથે ભટકાઈ લટકી જતા ગમખ્વાર અકસ્માત સર્જાતા અટકી ગયો હતો મેશ્વો નદીના પુલ પર પોલીસજીપ લટકી જતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સદનસીબે કાર પુલની રેલીંગ સાથે ટકરાઈ અટકી જતા જાનહાની ટળી હતી.

# ધરતીકંપ : મધરાતે બનાસની ધરા ધ્રુજી

## પાલનપુર અંબાજી સહિતના વિસ્તારોમાં ૪.૧ની તીવ્રતા વાળા ભૂકંપનો આંચકો અનુભવાયો : પાલનપુર થી ૧૨૫ કિલોમીટર દૂર રાજસ્થાનના ભીનમાલમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું

બનાસકાંઠાજિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં ત્રણવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે જેમાં શુક્રવારની મધરાત્રે ફરી એક વાર બનાસની ધરા ધ્રુજી ઉઠી હતી આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ રાજસ્થાનના ભીનમાલ પાસે નોંધાયું હતું જોકે સતત રાત્રિના સમયે ભૂકંપના આંચકાનો અનુભવ થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે

બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદની આફત વચ્ચે શુક્રવારે મોડી રાત્રે પણ ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવતાં તેની અસર અંબાજી, પાલનપુર સહીત જિલ્લાના અનેક તાલુકાઓમાં જોવા મળી હતી. જોકે આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ પાલનપુર થી૧૨૫ કિલોમિટર દૂર રાજસ્થાનના ભીનમાલ પાસે નોંધાયું હતું જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયા ચાર વખત ભૂકંપના આંચકા અનુભવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ત્રણેય ભૂકંપનું કેન્દ્ર બિંદુ રાજસ્થાનમાં નોંધાયું હતું.

ગત મોડી રાત્રે ૨.૨૬ કલાકે પણ રાજસ્થાનના ભીનમાલ પાસે વાગ્યે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવતાં તેની અસરો પાલનપુર અંબાજી સહિત વિસ્તારોમાં જોવા મળી હતી આ ભૂકંપ આવતા જ પાલનપુર સહીતના કેટલાક વિસ્તારોમાં ધરા ધ્રુજી ઊઠી હતી નોંધનીય છે કે ચાર દિવસ અગાઉ પણ પાલનપુરથી ૧૩૬ કિલોમીટર દૂર ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવતા જ પાલનપુર પંથકમાં લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ બે દિવસ અગાઉ રાત્રિએ પણ પાલનપુરથી ૫૯ કિલોમીટર દૂર રાજસ્થાનમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેની અસર પણ બનાસકાંઠાના કેટલાક વિસ્તારોમાં થઈ હતી. આમ સતત ચાર દિવસથી રાત્રિના સમયે ભૂકંપના આંચકાનો અનુભવ કરતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

### ત્રણ ભૂકંપમાં કોઈ નુકશાન નહિ

બનાસકાંઠા જિલ્લામાં એક અઠવાડિયામાં ત્રણ વાર ધરતીકંપના આંચકા અનુભવાયા છે જોકે સદ નસીબે આ ત્રણેય ભૂકંપના આંચકા દરમિયાન જિલ્લામાં કોઈ જાનહાની કે નુકસાન થયું નથી

### ત્રણેય ભૂકંપનું કેન્દ્ર બિંદુ રાજસ્થાનમાં

બનાસકાંઠા જિલ્લામાં ચાર દિવસ અગાઉ પાલનપુરથી ૧૩૬ કિલોમીટર દૂર ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવતા જ પાલનપુર પંથકમાં લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ બે દિવસ અગાઉ રાત્રિએ પાલનપુરથી ૫૯ કિલોમીટર દૂર રાજસ્થાનમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જે બાદ શુક્રવાર ની રાત્રે ૪.૧ ની તીવ્રતા વાળો ભૂંકમ્પ નો આંચકો અનુભવાયો હતો આ ત્રણેય ભૂકંપ નું કેન્દ્ર બિંદુ રાજસ્થાન માં નોંધાયું હતું

# અરવલ્લી : ફૂલ જેવા બાળકને ખોખામાં મૂકી તરછોડ્યો

## મોડાસાના લીંભોઇ નજીક તરછોડાયેલ બાળક ૧૦૮ મારફતે દવાખાને ખસેડ્યો

એક તરફ 'મા તે માં, બીજા બધા વગડાના વા' જેવી કહેવતો સાંભળવા મળે છે, તો બીજી અરવલ્લી જીલ્લામાં જનેતા જ નિષ્ઠુર બની હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. માતાની સાથે સાથે



તેના જીવનમાં તેનો ટેકો બનવાને બદલે પિતાએ પણ કાઠુ હૃદય રાખી ત્યજી દીધું હતુ મોડાસા તાલુકાના લીંભોઈ નજીક માતા-પિતાએ પોતાના પાપને છુપાવવા કે પછી અન્ય કોઈ કારણોસર દયાહીન થઈ કડકડતી ઠંડીમાં નવજાત બાળકને ખોખામાં પેક કરી તરછોડી દીધું હતું નજીકથી પસાર થતા રાહદારીને બાળક રડવાનો અવાજ સાંભળતા ચોકી ઉઠ્યા હતા.૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે નવજાત બાળકને સાર્વજનીક હોસ્પિટલમાં ખસેડાયું હતું પોલીસ ઘટનાસ્થળે પહોંચી બાળકને તરછોડનારને શોધવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો

મોડાસાના લીંભોઈ ગામની સીમમાં ખોખામાં પેક કરેલ ત્યજી દીધેલ નવજાત બાળક મળી આવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને ગ્રામ્ય પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચ્યા હતા તરછોડાયેલ બાળકને સાર્વજનીક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી દીધું હતું સાર્વજનીક હોસ્પિટલના તબીબોએ ત્યજેલ બાળકને સારવાર આપી હતી હાલ બાળકની સ્થિતિ સ્થીર હોવાનું જણાવ્યું હતું લોકોએ બાળક તરછોડનાર સામે ભારે ફિટકાર વરસાવ્યો હતો





ચિંતન : મહાનગર ભાજપની કારોબારી બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જિલ્લાના પ્રભારી મંત્રી અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આગામી દિવસો માટે વિવિધ કાર્યક્રમો સૂચવી કાર્યકરોનો જોમજુસ્સો વધારવા આયોજક અને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે પ્રદેશ મહામંત્રીરજનીભાઈ પટેલે સંગઠનના વિવિધ મુદ્દા પર છણાવટ કરી વિધાનસભાની ચૂંટણી પહેલા શહેરના સંગઠનને મજબુત બનાવવા પર ભાર મુક્યો હતો. મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે સૌને આવકારી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. તસવીરમાં પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ અને વરિષ્ઠ ધારાસભ્ય શંભુજી ઠાકોર સહિત કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ચાલુ રાખશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જે પછી કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. અમે અન્ય માંગ સાથે આંદોલન ચાલુ રાખીશું અને આગળના ઘટનાક્રમ માટે ૨૭ નવેમ્બર બેઠક યોજી રણનીતિ તૈયાર કરીશું. આ પહેલા શનિવારે સંયુક્ત ખેડૂત સંગઠનોએ જણાવ્યું કે, સંગઠને નક્કી કરેલા કાર્યકમો ચાલુ રહેશે. આ સાથે કૃષિ કાયદા સામે આંદોલન શરું કરવાને એક વર્ષ પૂરુ થવા પર અન્ય ખેડૂતોને પ્રદર્શન સ્થળ પર આવવા માટે અપીલ કરી હતી. આ સિવાય તેમનું કહેવુ છે કે ખેડૂત આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતોના બલિદાનનો મોદી સરકાર સ્વીકાર કરે અને તેમના પરિવાને વળતર તેમજ રોજગારની તક આપી સમર્થન આપે. તેઓ સંસદ સત્રમાં શ્રદ્ધાંજલિના હકદાર છે અને એમના નામ પર સ્મારક બનવું જોઈએ. ખેડૂત સંગઠને એવું એલાન પણ કર્યુ છે કે, સંસ સત્ર દરમિયાન રોજ ૫૦૦ પ્રદર્શનકારી ખેડૂત ટ્રેક્ટર ટ્રોલીઓ સાથે સંસદ સુધી શાંતિપૂર્ણ માર્ચ કરશે.

### નિકંદન અટકાવો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંબંધી કાર્યરત ''ગાંધીનગર ચમકાવવું છે'' ગૃપ દ્વારા વિકાસ કાર્યો માટે વૃક્ષછેદન અંગે છેડવામાં આવેલી ચર્ચામાં મેહુલ તુવાર દ્વારા શહેરમાં જે વૃક્ષો ૫૦ વર્ષથી વધુ જુના છે તેને હેરિટેજ એટલે કે શહેરનો વારસો હોવાનું જાહેર કરી તેના કાપવા પર નિયંત્રણ લાદવું જોઈએ તેવું સૂચન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા પણ આ સૂચનને આવકારતાં જણાવ્યું છે કે ગાંધીનગર કોઈ પ્રાચીન શહેર નથી પરંતુ અર્વાચીન સમયમાં વસાવાયેલું છે તેથી તેને કોઈ જાતનો ઐતિહાસિક વારસો પ્રાપ્ત નથી થયો પરંતુ ગાંધીનગરનો ખરો ઐતિહાસિક વારસો એ વૃક્ષો જ છે. શહેરે ગ્રીન સિટીનું બિરૂદ તો ગુમાવ્યું જ છે પરંતુ પાટનગરની સ્થાપના પૂર્વેથી જે હયાત છે તેવા વૃક્ષોને શહેરના હેરિટેજ વારસા તરીકે સ્વીકારી તેનું નિકંદન અટકાવવું જોઈએ.



### પેથાપુર ખાતે મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાયો

પેથાપુર ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨ યોજાયો હતો. જે શાળા નંબર-૧ પેથાપુર ખાતે યોજાયો હતો. જેમાં મતદારોને ચૂંટણીકાર્ડમાં સુધારા વધારા કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન ગ્રામજનોની ભીડ જામી હતી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રોલ ઓબ્ઝર્વર દ્વારા બી.એલ.ઓ. દ્વારા કરાયેલી ચૂંટણીલક્ષી કામગીરીનું નિરીક્ષણ

## ફોર્મ નં. ૬, ૬ક, ૭, ૮, ૮કની બી.એલ.ઓ. દ્વારા મતદાન મથકમાં ફોર્મ ભરવાનું ફિઝીકલ અને ઓનલાઇન કામગીરીનું નિરીક્ષણ કરી થયેલી કામગીરીની શિક્ષકો પાસેથી માહિતી મેળવી

સાબરકાંઠા જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝૂંબેશની પ્રક્રિયાઓ ચાલી રહી છે. જેમાં આ ફાર્મ ભરવાની આખરી તારીખ ૩૦ નવેમ્બર હોઈ સાબરકાંઠા – અરવલ્લી જિલ્લાના રોલ ઓબ્ઝર્વર તરીકે નિયુકત થયેલા અને ઉધોગ અને ખાણ ખનીજ વિભાગના સચિવશ્રી રૂપવંતસિંહ દ્વારા બંન્ને જિલ્લામાં પ્રાથમિક શાળાઓના મતદાન મથકોમાં બી.એલ.ઓ. દ્વારા ચૂંટણીલક્ષી ફોર્મ ભરવાની અને સ્વીકારવાની કામગીર ચાલી રહી છે. જેનું આજે રોલ ઓબ્ઝર્વરશ્રી દ્વારા ૨૭-હિંમતનગર વિધાનસભા અને ૩૩-પ્રાંતિજ તાલુકામાં ૫૩ મતદાન મથક નંબર પોગલું પ્રથમિક શાળા રૂમ નં. ૧ની રૂબરૂ મલાકાત લીધી હતી અને ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી અને મુશ્કેલી અંગે વિગતો મેળવી હતી. અને જરૂરી સૂચનો કર્યા હતા. એજ રીતે ૨૭-હિંમતનગર વિધાનસભા મતક્ષેત્રના ગઢોડા નવી પ્રાથમિશાળા બુથ નં. ૨૧૫ની રૂબરૂ મુલાકાત લીધી હતી. અને સર્વગ્રાહિ નિરીક્ષણ કર્યુ હતું આમ છ જેટલા બુથોની વિગતોનું નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટરશ્રી નયનાબેન પટેલ પ્રાતિજના પ્રાંત અધિકારીશ્રી સોનલબેન પઢેરીયા, ખાણ ખનીજ વિભાગના વ્યાસ તથા સ્થાનિક મામલતદારશ્રી અને ચૂંટણી શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. અને જરૂરી ચૂંટણી લક્ષી કામગરી અંગે રોલ ઓબ્ઝર્વરશ્રીને માહિતગાર કર્યા હતા.

# પાલનપુરમાં ૧ ૨ કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો

## દાંતા-વડગામમાં બે-બે, કાંકરેજ, ડીસા, દિયોદરમાં સવા ઇંચ વરસાદ નોંધાયો : જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી મોટા પ્રમાણમાં વાવેતરને નુકશાન થવાની ભીતી

બનાસકાંઠા જિલ્લામાં સતત બીજા દિવસે પણ વરસાદની એલી યથાવત રહેતા સર્વત્ર ભારે થી હળવો વરસાદ પડ્યો હતો જેમાં પાલનપુરમાં દિવસ દરમ્યાન ત્રણ ઈંચ દાંતા અને વડગામમાં બે-બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો જેને લઈ ચોમેર વરસાદી પાણીનો રેલમછેલ થઈ હતી જોકે આ કમોસમી ભારે વરસાદ થી શિયાળુ વાવેતરની મોટા પ્રમાણમાં નુકશાન થવાની ભીતીથી ધરતી પુત્રો મુશ્કેલીમાં મુકાય જવા પામ્યા છે

અરબી સમુદ્ર સાઈકોલીમ સિસ્ટમ સક્રિય બનતા બનાસકાંઠા સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં બે દિવસથી ચોમાસુ સક્રિય બન્યું છે જેમાં બનાસકાંઠા જિલ્લામાં બે દિવસ થી વિવિધ વિસ્તારોમાં હળવા થી ભારે વરસાદ ના ઝાપટા પડી રહ્યા છે જેમાં શુક્રવારે પાલનપુરમાં વહેલી સવાર થી જ મેઘરાજા મન મૂકી ને વરસવાની શરૂ કરતા મોડી સાંજ સુધી અવિરીત વરસાદ ચાલુ રહેલા સવાર ના છ થી સાંજ ના છ વાગ્યા સુધી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો જેને લઈ શહેરમાં ગણેશપુરા આંબાવાડી વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો અને સમગ્ર વિસ્તારમાં ઘૂંટણ સમાં પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલી માં મુકાયા હતા તેમજ આબુ હાઈવે અંબાજી હાઈવે પર પણ વરસાદી પાણીના ભરાવાથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા જોકે જિલ્લામાં સાર્વત્રિક વરસાદને લઈ વડગામ અને દાંતા બે-બે ઈંચ જ્યારે કાંકરેજ દિયોદર અને ડીસામાં સવા ઈંચ વરસાદ પડતો હતો જ્યારે અન્ય તાલુકામાં બે મીમી થી એક ઈંચ વરસાદ પડ્યો હતો જોકે બનાસકાંઠા જિલ્લામાં શિયાળાના પ્રારંભે કમોસમી વરસાદ પડતા રવિ સીઝનના વાવેતરને ભારે નુકશાન થવાની ભીતી થી ખેડૂતો ચિંતિત થઈ ઉઠ્યા છે